**હોમગાર્ડ્ઝ તંત્રના જુદા-જુદા તાલીમ કેન્દ્રો**
**વહીવટી સુવિધા માટે ફેરબદલ કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/સીએમ-૧૫/ફ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૨/૦૩/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૨૪/૦૫/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૨૧૨૫/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/સીએમ-૧૫/ફ.
(૩) ગૃહ વિભાગના તા.૨૧/૦૪/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫(પા.ફા.)/ફ
(૪) ગૃહ વિભાગના તા.૧૩/૦૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫/ફ
(૫) ડાયરેકટર જનરલશ્રી હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય અમદાવાદના તા.૦૭/૦૬/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : કજ/વહટ/૧૭૮/૩૮૯/૨૦૧૪
(૬) ડાયરેકટર જનરલશ્રી હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય અમદાવાદના તા.૨૧/૦૬/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કજ/વહટ/૧૭૮/૩૪૨/૨૦૧૬

**પ્રસ્તાવનાઃ-**

ડાયરેકટર જનરલ, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડ્ઝ અમદાવાદના નિયંત્રણ હેઠળ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા-બનાસકાંઠા ઉક્ત ક્રમાંક-૧ ના ઠરાવથી તથા પ્રાદેશિક તાલીમ કેન્દ્રો માધવનગર-અમદાવાદ તથા જરોદ-વડોદરા ખાતે ઉક્ત ક્રમાંક-૩ થી તેના આનુષંગિક મહેકમ તથા જરૂરી સાધન સામગ્રી, વાહનો વગેરે સાથે સ્થાપવામાં આવેલ છે.આ પૈકી બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ માટે બનાવવામાં આવેલ દાંતીવાડા તાલીમ સેન્ટરને ઉક્ત ક્રમાંક-૨ ના ઠરાવથી હોમગાર્ડ્ઝના સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટમાં તબદીલ કરવામાં આવેલ અને તેનુ નામાભિધાન"કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય" ઠરાવવામાં આવેલ હતું. આ ઉપરાંત ક્રમાંક-૪ ના ઠરાવથી મહેસાણા જિલ્લાના સુંઢીયા ખાતે તાલીમ કેન્દ્રના બાંધકામ માટે મંજૂરી અપાયેલ હતી. સુંઢીયા ખાતે તાલીમ કેન્દ્રનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

ડાયરેકટર જનરલ, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડ્ઝના નિયંત્રણ હેઠળ જરોદ-વડોદરા, માધવનગર-અમદાવાદ તથા સુંઢીયા-મહેસાણા ખાતેના તાલીમ કેન્દ્રો તાલીમ અંગેની કામગીરી માટે સંપૂર્ણ રીતે મહત્તમ સુવિધાઓ ધરાવે છે.આ તાલીમ કેન્દ્રો પૈકીના જરોદ-વડોદરા ખાતેનું તાલીમ કેન્દ્ર લગભગ ૨૨ એકર જમીન ધરાવે છે અને તેને દક્ષિણ ગુજરાત રીજીયનલ હોમગાર્ડ્ઝ તાલીમ કેન્દ્ર જરોદના નામથી નામાભિધાન કરવામાં આવેલ છે. જરોદ તાલીમ કેન્દ્ર સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા-બનાસકાંઠા જેવી વિશાળ જગ્યામાં ફેલાયેલ છે. આથી ક્રમાંક ૪ તથા ૫ ના પત્રથી ડાયરેકટર જનરલ હોમગાર્ડ્ઝ દ્વારા હાલના દાંતીવાડા-બનાસકાંઠા ખાતેના સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટને જરોદ-વડોદરા ખાતે લઈ જઈ તેને "કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય" નામાભિધાન કરવા તથા જરોદ-વડોદરા ખાતેના દક્ષિણ ગુજરાત રીજીયનલ હોમગાર્ડ્ઝ તાલીમ કેન્દ્ર જરોદને સુંઢીયા-મહેસાણા ખાતે ખસેડવા તથા હોમગાર્ડ્ઝ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા-બનાસકાંઠાને



Scanned by CamScanner

બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટલીયન નં-૧ બનાસકાંઠાને પરત સોંપવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

આ બાબતમાં કાળજી પૂર્વકની વિચારણાના અંતે ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ હસ્તકના તાલીમ કેન્દ્રોમાં નીચે મુજબના ફેરફરો કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) હોમગાર્ડઝ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડાને પ્રાદેશિક તાલીમકેન્દ્ર, જરોદ જિ.વડોદરા ખાતે તેના મંજુર થયેલ મહેકમ તથા સાધન સામગ્રી, ઈક્વીપમેન્ટ તથા વાહનો વગેરે સહિત તબદીલ કરીએ અને તેને **"કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય"**, જરોદ જિ.વડોદરા નામાભિધાન કરવામાં આવે છે.

(૨) હાલનું જરોદ-વડોદરા ખાતેનું હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર મહેસાણા ખાતેના સુંઢીયા જિ.મહેસાણા ખાતે તબદીલ થતા હવે તેને **''ઉત્તર ગુજરાત રીજીયોનલ હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર, સુંઢીયા જિ.મહેસાણા''** નામાભિધાન કરવામાં આવે છે.

(૩) દક્ષિણ ગુજરાત રીજીયનલ હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર જરોદ-વડોદરાને સુંઢીયા-મહેસાણા ખાતે તેના મહેકમ સાધનસામગ્રી તથા વાહનો વગેરે સાથે ખસેડવામાં આવે છે.

(૪) હાલના હોમગાર્ડઝ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડાને બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટાલીયન નં-૧ પાલનપુરને સોંપવામાં આવે છે.

(૫) આ હુકમો તા.૦૧/૦૪/૨૦૧૭ થી અમલી બને તે અંગેની કાળજી ડાયરેકટર જનરલ હોમગાર્ડઝે લેવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા.૦૧/૦૩/૨૦૧૭ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય દાંતીવાડા-બનાસકાંઠા
- બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટાલીયન નં-૧ પાલનપુર-બનાસકાંઠા
- સેન્ટર કમાન્ડર દક્ષિણ ગુજરાત રીજીયનલ હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર જરોદ-વડોદરા
- જિલ્લા કમાન્ડન્ટશ્રી, જિલ્લા હોમગાર્ડઝ કચેરી પાલનપુર, વડોદરા, મહેસાણા
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર, વડોદરા, મહેસાણા
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.



Scanned by CamScanner